# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા, પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ઉત્તરાયણના પર્વ દરમિયાન પક્ષીઓને બચાવવા માટે રાજ્યભરમા કરૂણા અભિયાનનો આજથી પ્રારંભ.

2) ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં રાખી કાચવાળી દોરી ઉપર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રતિબંધ લદાયો.

3) સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવતીકાલથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ શરૂ થશે.

4) રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ માટે અંબાજી ખાતે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોનાં અધિવેશનનો આરંભ.

5) રાજકોટ ખાતે રમાયેલી પહેલી મહિલા ક્રિકેટ એકદિવસીય મેચમાં ભારતનો આર્યલેન્ડ સામે છ વિકેટે વિજય.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KARUNA ABHIYAN

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી ઘાયલ થયા હોય તેવા પક્ષીઓને બચાવવા અને તે પક્ષીઓને સારવાર મળી રહે તે માટે રાજ્યભરમાં કરૂણા અભિયાનનો આરંભ થયો છે.

ઉતરાયણના પર્વ દરમિયાન 20 જાન્યુઆરી સુધી ચાલનારા આ અભિયાનમા ઘાયલ થતાં પક્ષીઓને સારવાર મળી રહે તે માટે જિલ્લા, તાલુકા અને શહેર કક્ષાએ કંટ્રોલરૂમ અને સારવાર કેન્દ્ર કાર્યરત કરાયા છે.

જામનગર, પોરબંદર, કચ્છ સહિતના રાજ્યના જિલ્લાઓમાં આ અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ પણ આરંભાયા છે. રાજ્યભરમાં યોજાયેલા આ અભિયાન અંતર્ગત એમ્બ્યુલન્સ, સ્વંયસેવકો તેમજ પશુ સારવારને લગતા તબીબો પણ વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહેશે તેમ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીએ ગઇકાલે આ અભિયાનની જાહેરાત કરી હતી.

જામનગરમાં શરૂ થયેલાં આ અભિયાન અંગે આર.એફ.ઓ. દક્ષા વઘાસિયાએ વધુ માહિતી આપી.

**(બાઈટ -- દક્ષા વઘાસિયા, RFO )**

. . . . . . . . . . . . .

# HC ORDER

ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, લોકોને ઈજા ના પહોંચે તે માટે રાજ્યમાં માત્ર ચાઇનીઝ દોરી પર જ નહીં પણ કાચના પાઉડર ચડાવીને વેચવામાં આવે છે તેના પર પણ પ્રતિબંધ છે.

હાઈકોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે, કાચના પાઉડરથી રંગેલી દોરી, તેના ઉત્પાદન, વેચાણ, વપરાશ, ખરીદવા ઉપર પ્રતિબંધ છે. ત્યારે હાઈકોર્ટે આ મામલે સરકારને કાર્યવાહી કરવાના પણ નિર્દેશ આપ્યા છે. જેને લઇને હવે પોલીસ ગ્લાસ કોટિંગ કરેલી દોરીનું ઉત્પાદન, વેચાણ, વપરાશ તેમજ ખરીદવા સામે કાર્યવાહી કરી શકે છે.

. . . . . . . . . . . . .

# INT. KITE FESTIVAL

આવતીકાલથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો આરંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શરૂ થનારા આ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં 46 દેશોના 143 પતંગ બાજો અવનવા પતંગો સાથે પતંગ ઉડાડશે. ભારતના અન્ય 11 રાજયોમાંથી 52 જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતનાં 11 શહેરોમાંથી 417 જેટલા પતંગબાજો પણ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત 12 જાન્યુઆરીના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ 13 જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-2025નું આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# AMBAJI ACHARY ADHIVESHAN

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણને લઈ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોનું અધિવેશન અંબાજી ખાતે યોજાયું હતું. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરના અધ્યક્ષસ્થાને યોજાયેલા અધિવેશનમાં વિદ્યાર્થીઓને લગતા તેમજ આચાર્યોને સ્પર્શતા પ્રશ્નોની પણ છણાવટ કરવામાં આવી હોવાનું શિક્ષણમંત્રી ડો. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.

(બાઇટ- ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણમંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

.....................................

# AHD STUDENT DEATH

અમદાવાદના થલતેજની ઝેબર શાળામાં એક વિદ્યાર્થિનીનું મોત થયું છે. ધોરણ 3 માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને શાળાની સીડી ચડતી વખતે અચાનક છાતીમાં દુખાવો થતાં તેણી ત્યાં જ ઢળી પડી હતી. તાત્કાલિક આ વિદ્યાર્થિનીને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જોકે હોસ્પિટલના તબીબોએ વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી. આ ઘટનાની જાણ થતા જ પોલીસે શાળાએ પહોચી સીસીટીવી મેળવી તપાસ શરૂ કરી હતી. ઝેબર શાળા દ્વારા નિવેદન જાહેર કરીને વિદ્યાર્થિનીના મૃત્યુ અંગે શોક વ્યક્ત કરીને તેના પરિવારને તમામ સહાય કરવાની ખાત્રી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# JANTRI DAR RUSHIKESH PATEL

જંત્રી  મામલે કોઇને પણ અન્યાય ન થાય તેની સરકાર ખાસ તકેદારી રાખશે તેમ સરકારના પ્રવક્તા  મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. રાજ્યમાં જંત્રી અંગેના સરકારના નિર્ણય અંગે પત્રકારો દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર ભાઈએ જંત્રીમાં સમય વધાર્યો છે. આ મામલે તેમણે ખાત્રી આપતાં કહ્યું હતું કે કોઈને અન્યાય અથવા વાસ્તવિક દર કરતાં વધુ દર લાગ્યા છે ત્યાં વિશાળ તક આપી છે. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાત સરકાર જંત્રી માટે હજુ વિચારશે.

(બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . . . .

# SURAT INT EXPO

સુરત આંતરરાષ્ટ્રીય કાપડ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે ટેકનોલોજીના સમન્વય સાથે આરંભાયેલું આ પ્રદર્શન કાપડ ઉદ્યોગને વધુ આધુનિક બનાવશે.

**(બાઇટ- સી. આર. પાટીલ- કેન્દ્રીય મંત્રી)**

ઉલ્લેખનીય છે કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા યોજાતા સમગ્ર કાપડ ઉદ્યોગની મશીનરીને આવરી લેનારુ 'સીટેક્ષ' શ્રેણીનું આ 11મું પ્રદર્શન છે. જેમાં વિવિધ મશીનરીને પ્રદર્શિત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# AHD HMPV

અમદાવાદ શહેરમાં HMP વાયરસનો વધુ એક કેસ નોંધાયો છે. સાઉથ બોપલ વિસ્તારમાં રહેતા 9 માસના બાળકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. 6 જાન્યુઆરીના રોજ બાળકને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતી. જેમનો રિપોર્ટ 9 જાન્યુઆરીના રોજ પોઝિટિવ આવ્યો છે. બાળ દર્દીને છેલ્લા કેટલાય સમયથી શરદી - ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી સારવાર માટે દાખલ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

. . . . . . . . . . . . .

# JILLA SWASTHYA PARISHAD-MAHISAAGAR

મહીસાગર જિલ્લામાં આજે જિલ્લાકક્ષાની સ્વાસ્થ્ય પરિષદનું આયોજન થયું. માતા અને બાળ મરણ, કુપોષણમાં ઘટાડો તેમજ બિનચેપી રોગોને અટકાવવા માટે અસરકારક આયોજન તથા અમલ માટે કલેકટરના અધ્યક્ષસ્થાને આ પરિષદ યોજાઇ.

આ પરિષદમાં જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, છેવાડાનો એકપણ વ્યક્તિ આરોગ્યની સુવિધાથી વંચિત ન રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોગ્યલક્ષી સમસ્યાઓના નિરાકરણ માટે સ્વાસ્થ્ય પરિષદમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે મળી પ્રશ્નોનું અસરકારક નિવારણ લાવી શકાશે.

. . . . . . . . . . . . .

# EDAR AROHAN AVROHAN SPARDHA

સાબરકાંઠાનાં ઈડર ખાતે રાજ્યકક્ષાની પાંચમી ઐતિહાસિક ઇડરીયો ગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઇ હતી.

સરકારના રમત,ગમત યુવા અને સાંકૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધામાં 151 ભાઈઓ અને 66 બહેનોનો મળી કુલ 217 ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગત વર્ષના રેકોર્ડ તોડી નવા રેકોર્ડ સર્જાયા હતાં. આ સ્પર્ધામાં એકથી દસ ક્રમે વિજેતા થનાર સ્પર્ધકોને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# WOMEN ONEDAY CRICKET

રાજકોટ ખાતે રમાયેલી આર્યલેન્ડ સામેની પહેલી મહિલા ક્રિકેટ એકદિવસીય મેચમાં ભારતનો છ વિકેટે વિજય થયો હતો. પ્રતિકા રાવલના આક્રમક 89, તેજલ હસાબનીસના 53 તેમજ કેપ્ટન સ્મૃતિ મંધાનાના 41 રનની મદદથી ભારતે વિજય મેળવ્યો હતો.

ટોસ જીતીને પ્રવાસી આર્યલેન્ડની ટીમે નિર્ધારીત પચાસ ઓવરમાં સાત વિકેટે 238 રન કર્યા હતા. પ્લેયર ઓફ ધ મેચ પ્રતિકા રાવલને જાહેર કરાઇ હતી.

. . . . . . . . . . . . .